# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

### ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

(વિભાગ-૧ 'વચનામૃત' પચીસમી આવૃત્તિ : મે ૨૦૦૮ના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

**૧. આત્મનિષ્ઠા તો હોય પણ ભગવાનને વિષે પ્રીતિ ન હોય તો શું થાય ? (પ્ર.૧૯/૨૯)**

જ. પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય, 'જે માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત પામતો નથી.

**૨. કઈ ચાર નિષ્ઠા હોય તો પરમ ભાગવદ્ અને એકાંતિક ભક્ત કહેવાય ? (પ્ર.૪૭/૮૯)**

જ. ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા એ ચાર નિષ્ઠા હોય તો પરમ ભાગવદ્ અને એકાંતિક ભક્ત કહેવાય.

**૩. નૈમિષારણ્ય ક્ષેત્ર કયે ઠેકાણે જાણવું ? (સારંગ.૭/૧૯૧)**

જ. ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તે ઠેકાણે નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું **અથવા** જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.

**૪. વાસના ટાળવાના કયા ત્રણ ઉપાય છે ? (ગ.પ્ર.૬૦/૧૧૨)**

જ. વાસના ટાળવા આત્મનિષ્ઠાની દૃઢતા, પંચવિષયને વિષે તુચ્છપણું અને ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણવું જોઈએ.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. ભગવાન કેવા છે ? એમનામાં દોષ જુવે એ કેવો થાય છે ? (પ્ર.૨૪/૩૮)** જે ભગવાનનું સ્વરૂપ છે તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે, પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી, પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહીં. તેમાં ભગવાનને જે કામી સમજે તે પોતે અત્યંત કામી થઈ જાય, ક્રોધી સમજે છે તે પોતે ક્રોધી થઈ જાય, લોભી સમજે તે લોભી થઈ જાય, ઈર્ષ્યાવાન સમજે તે ઈર્ષ્યાવાન થઈ જાય, એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે તે તો જેમ સૂર્ય સામી ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે. તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે.

**૨. ગ. પ્ર. ૬૭માં શ્રીજીમહારાજ કેવા સત્પુરુષની વાત કરે છે ? (પ્ર.૬૭/૧૩૨)** કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે. અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં. એવા સત્પુરુષની વાત શ્રીજીમહારાજ ગ. પ્ર. ૬૭માં કરે છે.

૩. **ગ. પ્ર. ૨૧માં શ્રીજીમહારાજે કરેલું અક્ષરનું વર્ણન લખો. (પ્ર.૨૧/૩૩)** તે અક્ષરનાં બે સ્વરૂપ છે એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ, અને એ અક્ષર બીજેરૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે, અને એ અક્ષરધામને વિષે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ તે સદા વિરાજમાન છે અને એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટિ મુક્ત રહ્યા છે તે સર્વે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે અને પુરુષોત્તમ નારાયણ તે સર્વના સ્વામી છે ને અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે.

૪. **ગ. પ્ર. ૬૦ પ્રમાણે વાસનાએ રહિત થવા કેવા વિચારને પામવું ? ત્યાર પછી તેને કેવું જણાય છે ? (પ્ર.૬૦/૧૧૧)** શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે મારે જેટલી ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી-વધુ છે ? તેની પરીક્ષા કરવી. ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે. એવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો. અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય તેણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે. ને સમબુદ્ધિ થયા પછી નિંદા ને સ્તુતિ સરખાં લાગે અને સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે, તેમ જ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યુવાન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો ને કંચન એ સર્વે સરખું ભાસે, તેમ જ સારા ને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખા ભાસે, એવી રીતે સ્વાભાવિકપણે વર્તાય ત્યારે જાણીએ જે વાસના જિતાણી. અને વાસનારહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતમાંથી કોઈપણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **તૃણની ઝૂંપડી - ફાટેલ ગોદડીવાળા પરમહંસનું દૃષ્ટાંત. (પ્ર.૧૮/૨૬) દૃષ્ટાંતઃ** તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્‌વાર્તા થાતી હોય તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે. માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે અને ગબરગંડને તો કાંઈ ખબર જ પડતી નથી. **સિદ્ધાંતઃ** 'સંગ તેવો રંગ' બહારથી જેવો યોગ રાખીએ તેવું અંતઃકરણ થાય.

૨. **નટનું દૃષ્ટાંત (પં.૭/૩૪૪) દૃષ્ટાંતઃ** જેમ નટવિદ્યાવાળો હોય તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈન્દ્રના શત્રુ જે અસુરના યોદ્ધા તે સાથે વઢવા જાય છે. પછી કટકા થઈને હેઠો પડે ને તે પછી તે કટકાને ભેગા કરીને તે નટની સ્ત્રી બળી મરે. પછી થોડીક વારે નટ પાછો આકાશમાંથી હથિયાર બાંધીને જેવો હતો તેવો ને તેવો જ આવે ને રાજા પાસે મોજ માગે ને કહે, મારી સ્ત્રી લાવો. એવી રીતની જે નટની માયા તે પણ કળ્યામાં કોઈને આવતી નથી, તો ભગવાનની યોગમાયા કળ્યામાં કેમ આવે ?

**સિદ્ધાંતઃ** ભગવાનના જન્મ અને દેહ મૂક્યાની લીલા તે દિવ્ય છે. નટની માયા કળ્યામાં આવતી નથી. તેમ અખંડ અને અવિનાશી તેવા ભગવાનની યોગમાયા પણ કળ્યામાં આવતી નથી.

૩. **ખટાઈનું દૃષ્ટાંત (ગ.પ્ર.૨૪/૩૮) દૃષ્ટાંતઃ** જેમ લીંબુની એક ચિર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય પણ હળવા હળવા ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહીં ને મગનો દાણો પરાણે પરાણે ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહિ. તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દસ ઇન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે,

ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.

**સિદ્ધાંતઃ** લીંબુની ખટાશથી દાંત અંબાઈ જાય છે અને રાંધેલો ભાત કે જે ચાવવામાં તદ્દન સરળ છે. છતાં ચવાતો નથી. તેમ ભગવાનનું મહાત્મ્ય જેવું છે. તેવું સમજાય તો ચાર અંતઃકરણ અને દસ ઇન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વ અંબાઈ જાય ત્યારે.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો.**

૧. **જેના આપમાં હરિનો વ્યાપ, સંત તે સ્વયં હરિ. (પ્ર.૨૭/૪૬)** **સંદર્ભઃ** ગ.પ્ર. ૨૭ એવી જાતના જ્ઞાન, ભક્તિ. વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. **સમજૂતિઃ** ભગવાનને ગુણના સિંધુ કહ્યા છે. તેથી ભગવાનને ગુણવાન હોય તેના હૃદયમાં નિવાસ કરવો ગમે છે. ભગવાનમાં અનંત શુભ ગુણ રહ્યા છે માટે એવા જ ભક્તના હૃદયમાં નિવાસ કરે છે.

૨. **ચાર વેદનો ભણેલો રાવણ મૂર્ખ પરંતુ અભણ શબરી બુદ્ધિશાળી કહેવાઈ. (પ્ર.૫૦/૯૪)**
**સંદર્ભઃ** વચ.ગ. પ્ર.૫૦ પ્રમાણે જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. **સમજૂતિઃ** રાવણ ચાર વેદનો ભણેલો બ્રાહ્મણ હતો પણ રામને ઓળખી ન શક્યો તેથી તે મૂર્ખ છે. શબરી ભીલ જાતિની અભણ સ્ત્રી હોવા છતાં રામને ઓળખી શકી માટે બુદ્ધિશાળી કહેવાઈ.

૩. **મહેમદાવાદમાં ગુણાતીતાનંદ સ્વામીએ મંદિરના થાંભલામાં પ્રવેશ કરીને તેને હલાવ્યો. (પ્ર.૬૮/૧૩૪)**
**સંદર્ભઃ** વચ. પ્ર.૬૮ પ્રમાણે શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા. માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઇચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે. **સમજૂતિઃ** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર હતા તો થાંભલામાં પ્રવેશ કરી હલાવી શક્યા અને બીજા અહં બ્રહ્માસ્મિવાળા ખોટા બ્રહ્મ હતા તો થાંભલાને હલતો બંધ કરી ન શક્યા.

૪. **ગુણાતીતાનંદ સ્વામી કહેતા, 'એક ક્ષણ મહારાજની મૂર્તિ ભૂલાય તો તાળવું ફાટી જાય એવું દુઃખ થાય.' (પ્ર.૪૪/૮૨)** **સંદર્ભઃ** વચ. ગ.પ્ર.૪૪ પ્રમાણે જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે-અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈક કાંકરા તથા ધૂડયનો ખોબો ભરીને નાંખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે. **સમજૂતિઃ** ગુણાતીતાનંદ સ્વામીને મહારાજને વિષે સ્નેહ છે તો મહારાજની મૂર્તિ ભૂલાય તો તાળવું ફાટે એવું દુઃખ થાય છે. જેને દુઃખ થતું હોય તે જ આમ બોલી શકે.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯)**

૧. 'જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે. જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.' (પ્ર૨૦/૮)

૨. 'જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે અને એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે, પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી.' (પ્ર. ૩૭/૧૯)

૩. ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (પ્ર.૭૧/૨૬)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :- (૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે.**
**(૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. બાળપણથી માંડીને સમગ્ર જીવનમાં ભગવાન સ્વામિનારાયણની રુચિ - નિષ્કામધર્મ.**

૧. જનોઈ પ્રસંગે ભાભીનો પકડેલો હાથ છોડી દીધો. ૧/૭૨
૨. કાયસ્થે કરેલી શંકરની સ્તુતિ સાંભળીને દુઃખી થયેલા ઘનશ્યામ. ૧/૭૭
૩. નૈષ્ઠિક વ્રતધારી યુવાનો ભુવાનસિંહ અને દીનાસિંહને અંતકાળે દર્શન દીધાં. ૧/૯૦
૪. લગ્નનો પ્રસ્તાવ લઈને ખંભારિયાથી આવેલા નિહાલ મિશ્રાને 'ના' પાડવા માટે રામપ્રતાપભાઈને કહ્યું. ૧/૯૫
૫. લોધેશ્વરમાં સ્ત્રી-પુરુષોથી અલગ જગ્યા શોધી સરોવરમાં સ્નાન કર્યું. ૧/૧૦૬
૬. બરેલીમાં નદીકાંઠાના બંગલામાંથી બહાર નીકળતા પનિહારીઓએ રોકતા ત્યાંથી દોડી ક્ષણમાં અલોપ થઈ ગયા. ૧/૧૧૦
૭. સાધુનો વિશિષ્ટ આદર્શ - સાચા હંસ - સાચા સાધુની ઓળખ. ૧/૧૩૦
૮. હરૈયા ગામે હલવૈની માને - 'અમે આ સમયે ત્યાગીની રીત ગ્રહણ કરી છે એટલે સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે. ૧/૧૩૬
૯. વંશીપુરની મહારાણીને 'સ્ત્રીનો ડંસ તો જન્મોજન્મના ચકરાવામાં પણ ક્યાંય કોઈને છોડતો નથી.' 'તમારા રાજ્યમાં કે કુંવરીઓમાં બંધાવા હું આવ્યો નથી.' - નીલકંઠવર્ણી. ૧/૧૪૧
૧૦. બુટોલપત્તનના રાજાના બગીચામાં કુંવરીઓ અને સખીને બીજા બાવાઓની દૃષ્ટિમાં વિકાર દેખાયો જ્યારે નીલકંઠવર્ણી નીચી દૃષ્ટિ રાખી ધ્યાનમગ્ન સ્વસ્વરૂપમાં મસ્ત. ૧/૧૬૮
૧૧. સિરપુરના સિધ્ધવલ્લભ રાજાએ નીલકંઠવર્ણીની રુચિ પ્રમાણે તેમની સેવામાં નૈષ્ઠિક વ્રતધારી સાધુ ગોપાળદાસને રાખ્યા. ૧/૧૮૨
૧૨. વનવિચરણમાં દરેક આશ્રમ, મઠમાં બ્રહ્મચર્ય પાલનનું નિરીક્ષણ. ૧/૨૩૫
૧૩. બ્રહ્મચર્યનું પ્રસારણ કરવા કુંવારી ભૂમિકા, જ્યાં મનોવૃત્તિઓનો સહેજે હ્રાસ થાય, તેવી ભૂમિની શોધમાં રામેશ્વર છોડ્યું. ૧/૨૩૬-૨૩૭
૧૪. તોતાદ્રિમાં જિયર સ્વામીને સ્ત્રીના ત્યાગની વાત. ૧/૨૪૧
૧૫. પૂનામાં બાપુ ગોખલેને બ્રહ્મચર્યરૂપી ધર્મની વિશેષતા, ભક્તિની સિધ્ધિ માટે બતાવી. ૧/૨૪૮
૧૬. તાપી અને મૌના નદીના સંગમ સ્થાને સ્ત્રી-પુરુષની બીભત્સતા જોઈ સ્થાનનો ત્યાગ. ૧/૨૫૦
૧૭. વડગામમાં તળાવ પાસેના વડ નીચે બિરાજેલા નીલકંઠને નારીઓ ભેટવા દોડી પણ નીલકંઠવર્ણી અદૃશ્ય થઈ ગયા. ૧/૨૭૮-૨૭૯
૧૮. વાગડમાં કુંભાર રાણા બાવળોજને ત્યાં સ્ત્રીના પાદ સ્પર્શથી રહિત પડેલી ધૂળ પર સૂઈ ગયા. ૧/૨૮૩
૧૯. શિહોરમાં બ્રહ્મકુંડ પર સ્ત્રીઓની ભીડ હોવાથી તેનો ત્યાગ કરી ગૌતમકુંડમાં સ્નાન. ૧/૨૮૪

૨૦. બ્રહ્મચર્યના પાલક મઢડાના જેઠા મેરને ઘેર નીલકંઠવર્ણી. ૧/૩૦૮-૩૦૯
૨૧. લોજમાં જીવરાજ શેઠના ડેલામાં સ્ત્રીઓથી ભરેલી સભામાં કથાનો ત્યાગ - સ્ત્રી-પુરુષની સભા જુદી કરાવી. ૧/૩૨૨
૨૨. લોજ આશ્રમ અને વાળંદના ઘરની દીવાલનો ગોખલો પૂર્યો. ૧/૩૨૪
૨૩. આપણે સ્ત્રીઓને દીક્ષા આપીએ છીએ ? ૧/૩૫૩
૨૪ હરબાઈ અને વાલબાઈને જુદાં પાડે છે. ૧/૪૪૬

**૨. સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ - સમાધિ પ્રકરણના આધારે.**

૧. ફણેણીમાં મુસલમાનને સમાધિ : અહીં તમે ઉંચે બેઠા છો અને આ ખુદા નીચે બેઠા છે. ૧/૩૮૩
૨. 'સ્વામિનારાયણ' મંત્રજાપ કરતાં શીતળદાસ સંન્યાસીને સમાધિ. ૧/૩૯૨-૩૯૩
૩. ધોરાજીમાં ચાર્વાક પંથીઓને, ભાવિક ભક્તોને સમાધિ. ૧/૩૯૪-૩૯૫
૪. પીપલાણા ઓઝત નદીમાં નરસિંહ મહેતાના પુત્ર રઘુનાથને સમાધિ. ૧/૩૯૮
૫. પીપલાણામાં ઉત્તર હિંદથી આવેલા વૈરાગીને સમાધિ. ૧/૩૯૮
૬. અગતરાઈમાં ઉમિયાશંકરના સ્વયં રચિત શ્લોકગાનથી એક હરિભક્તને સમાધિ - સભામાં બેઠેલ મુસ્લિમ જમાદારને સમાધિ. ૧/૩૯૯
૭. કાલવાણીના આહિર ભક્તોને સમાધિ. ૧/૪૦૦-૪૦૧
૮. કાલવાણીમાં સભામાં બેઠેલા વ્યાપકાનંદ સ્વામીએ સમાધિમાં ભૂમાપુરુષના લોકમાં 'સ્વામિનારાયણ' નામનો ઉદ્‌ઘોષ. ૧/૪૦૧
૯. કાલવાણીના ભીમજીભાઈની નરકના કૂંડ ખાલી કરવાની પ્રાર્થનાથી સ્વરૂપાનંદ સ્વામીએ સમાધિમાં યમપુરી જઈ નરકના કુંડો ખાલી કર્યા. ૧/૪૦૩ થી ૪૦૫
૧૦. માંગરોળમાં સમાધિ દ્વારા શ્રીહરિનું ઐશ્વર્ય. ૧/૪૦૫
૧૧. માંગરોળ બજારમાં વેપારીના દીકરાને સમાધિ. ૧/૪૦૬
૧૨. માંગરોળના નગરજનોને સમાધિમાં સૌ સૌના ઈષ્ટદેવના દર્શન. ૧/૪૧૬
૧૩. ભોગાવાના કાંઠે હીરાચંદ વણિકને સમાધિ મૂર્તિમાન ભોગાવતી તથા વઢવાણ શિખરબદ્ધ મંદિરના દર્શન. ૧/૪૧૯-૪૨૦
૧૪. માંગરોળમાં મહિનાઓ સુધીની સમાધિવસ્થા. ૧/૪૨૩
૧૫. કાલવાણીમાં સંતદાસને સમાધિમાં રામાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામી પરનો સંદેશો. ૧/૪૪૩
૧૬. મુક્તાનંદ સ્વામીને જ્ઞાન સમાધિ. ૧/૪૪૪-૪૪૫
૧૭. મેઘપુરના ભાટ અમરસિંહની પુત્રી લાડકીબાઈને સમાધિ. ૧/૪૫૫
૧૮. પંચાળામાં દાદાભાઈને ઘેર અંબારામ વિપ્રને સમાધિ. ૨/૯
૧૯. ગઢપુરની પુણ્યવતી ભૂમિમાં મલેકશાહ ફકીરના બાગમાં બાળકોને સમાધિ. ૨/૨૯-૩૦
૨૦. કારિયાણીમાં અજુબા અને ફૂલીબાને સમાધિ. ૨/૩૩
૨૧. બોચાસણમાં બાપુભાઈ તથા રણછોડભાઈ (પિતા-પુત્ર) બંનેને સમાધિ. ૨/૪૨
૨૨. અધોઈ ગામમાં નિષ્કુળાનંદ સ્વામીને યમદંડ લખવાની આજ્ઞા - સમાધિમાં યમયાતનાનું દર્શન. ૨/૭૫
૨૩. ભૂજમાં કૌશલ દેશના વૈરાગીઓને સમાધિ. ૨/૭૯
૨૪. ભૂજમાં લાધીબાઈને સમાધિ. ૨/૮૦

**૩. નીલકંઠવર્ણીના જીવનમાં વૈરાગ્ય અને ભક્તિ.**

૧. ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ. ૧/૧૦૫-૧૦૬
૨. લોધશ્વરમાં રસોઈમાં પાણી નાખીને જમ્યા. ૧/૧૦૭
૩. સહેજાપુરમાં ઠાકોરજીને બાટીને કેરીના રસનું નૈવેધ કરી પોતે એક પાત્રમાં બધુ ચોળી પાણી નાખી પી ગયા. ૧/૧૦૯
૪. જેનામાં વૈરાગ્ય કે પ્રભુ પ્રત્યે ભક્તિ ન હોય તે જ રિસાઈ ને કાયર થઈને ગૃહત્યાગ કરે. બરેલીની પનિહારીઓને નીલકંઠવર્ણીનો જવાબ. ૧/૧૧૦

૫. 'અનેક તીર્થોનાં અને બદરિકાશ્રમમાં નરનારાયણ ઋષિનાં દર્શન કરવા સારું અમે ગૃહત્યાગ કર્યો છે.' હરદ્વારમાં વિપ્રરૂપે આવેલા મહાદેવને નીલકંઠવર્ણીએ ગૃહત્યાગનો જણાવેલો હેતું. ૧/૧૧૨
૬. શિવ-પાર્વતીએ બનાવેલી રસોઈ શાલિગ્રામને નૈવેદ્ય કરીને જમે છે. ૧/૧૧૪
૭. તપોવનના મુનિઓનો નીલકંઠવર્ણીને પ્રશ્ન : 'તમે જ સ્વયં ભગવાન છો તો પછી આ બાલમુકુન્દની પ્રતિમાને પૂજવાનો શો અર્થ ?' નીલકંઠવર્ણીએ સમજાવેલો હેતું. ૧/૧૧૫
૮. ગુપ્તકાશીમાં શિવજી, ત્રિયુગી નારાયણમાં શિવપાર્વતી, ગૌરીકુંડમાં સ્નાન, કેદારનાથના દર્શન. ૧/૧૧૯, ૧૨૦
૯. સાચા સાધુ કે ભક્તે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો જ લેવો. - બદરીનાથના પૂજારીને. ૧/૧૨૨
૧૦. તીર્થાટન તો ચાલીને જ કરવું જોઈએ - નીલકંઠવર્ણી નરઋષિને. ૧/૧૨૬
૧૧. નરનારાયણ ઋષિનો આશ્રમ આવતાં દૂરથી દંડવત્ કરવા લાગતા નીલકંઠવર્ણી. ૧/૧૨૭
૧૨. મારે માતા-પિતા કે ભાઈ-ભાભી, ભાંડુ કોઈ નથી. હું તો એકલો જ ફરું છું. - હલવાઈની મા ને. ૧/૧૩૭
૧૩. 'એ તો નિર્લેપ, નિરંજન, નિર્વિકારી અને અક્ષયસુખના દાતા છે.' - વંશીપુરના રાણી. ૧/૧૪૨
૧૪. તપ, બ્રહ્મચર્ય, ભક્તિ અને ધર્મની પ્રબળતાથી નીલકંઠવર્ણીએ અભિચાર પ્રયોગથી મૂર્છિત ગોપાળદાસને ઉઠાડ્યો. ૧/૧૮૬
૧૫. જગન્નાથપુરીમાં દર્શન કરતા, ધ્યાન કરતા, ભાગવતની કથા ભક્તિભાવ પૂર્વક સાંભળતા. ૧/૨૧૨
૧૬. 'અમે કોઈના બંધનમાં આવીએ એવા નથી.' નીલકંઠવર્ણી સેવકરામને. ૧/૨૩૨
૧૭. શાલિગ્રામ ત્રણ થી ચાર કઠારી જળ પી જવાથી ઈષ્ટદેવની ક્ષુધાની ચિંતામાં વ્યગ્ર બનેલા નીલકંઠવર્ણી. ૧/૨૩૮
૧૮. શિવાશા અને ગોવિંદ શેઠને પોતાની રુચિ સમજાવતાં કહ્યું, 'સ્વાદનો વિચાર કરીએ... સ્વરૂપમાં ન જોડાય.' ૧/૨૫૨
૧૯. મહુવામાં લક્ષ્મીનારાયણના મંદિરના મહંત બાવા બાલકદાસને નીલકંઠવર્ણીના નિત્યક્રમમાં ભક્તિ અને અયાચક વૃત્તિમાં વૈરાગ્યનો ભાવ દેખાયો. ૧/૨૯૩

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ભક્તોની ભક્તિભાવને વશ શ્રીહરિ.**
૧. કાલવાણીમાં ભીમભાઈની પ્રાર્થનાને વશ શ્રીજીમહારાજે નરકના કુંડ ખાલી કરાવ્યા. ૧/૪૦૩
૨. ઘેલા જોશીને ત્રણ દીકરાના આશીર્વાદ આપ્યા. ૧/૪૧૮
૩. અમદાવાદના ભક્તોની માગણીને વશ શ્રીહરિએ રામદાસ સ્વામીને તેમની સાથે મોકલ્યા. ૧/૪૨૧
૪. મુક્તાનંદ સ્વામીના ભાવને વશ થઈ શ્રીહરિ રામાનંદ સ્વામીની ગાદી પર બેઠા. ૧/૪૪૫
૫. આખા-પીપલાણામાં બે સ્વરૂપે દર્શન. ૧/૪૫૦
૬. ગોંડળના રત્ના કડિયાની ભક્તિભાવનો રોટલો મહારાજને મીઠો લાગ્યો. ૨/૧૭
૭. કારિયાણીના મીણબાઈની ભક્તિને વશ મહારાજ રોકાઈ ગયા. ૨/૨૮
૮. કુંડળના રાઈબાઈના ભક્તિભાવથી તેમનું આમંત્રણ સ્વીકાર્યું. ૨/૩૪
૯. નાનીબાની ઝંખનાને વશ થઈ મહારાજ બોચાસણ પધારે છે. ૨/૪૦
૧૦. બાપુભાઈની ભક્તિભાવ ભરી વાતો સાંભળી. ૨/૪૪
૧૧. દેવજીબાઈનાં વર બની પોંખાયા. ૨/૮૩

**૨. શ્રીહરિની મૂર્તિમાં આકર્ષાઈને સંસારનો ત્યાગ કર્યો.**
૧. નૃસિંહાનંદ સ્વામી દીક્ષા લે છે. ૧/૪૪૦
૨. દીનમણી શર્મા નિત્યાનંદ બને છે. ૧/૪૫૩
૩. ગજા ગઢવી પૂર્ણાનંદ બને છે. - પૂર્વ દેશના બે વૈરાગીઓ ત્યાગી થયા.- કૃપાનંદ સ્વામી અને વીરભદ્રાનંદ સ્વામી. ૨/૭૭

**૩. હિંસક પ્રાણીઓને વશ કરતા નીલકંઠવર્ણી.**

૧. શ્રીપુર મઠની બહાર રાત્રી રોકાણ સમયે આવેલો સિંહ હિંસક વૃત્તિ છોડી નીલકંઠવર્ણીની આગળ બેસી ગયો. ૧/૧૧૮

૨. જગન્નાથપુરી પાસેના ગામમાં રીંછને વશ કર્યું. ૧/૨૦૬

૩. રૈવતાચળ (ગિરનાર) સમીપે દામોદર કુંડ પાસે ગિરની ભૂમિમાં રાતવાસા દરમ્યાન આખી રાત સિંહ નીલકંઠવર્ણી આગળ બેસી રહ્યો. ૧/૩૦૧

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.**

૧. **માછીમારને બોધ (૧/૩૫) પ્રસંગ :** એક દિવસે મીન સરોવરે બાળમિત્રો સાથે નહાવા ગયેલા ઘનશ્યામે ત્યાં જોયું કે એક માછીમારે ટોપલો ભરીને માછલાં મારીને ભેગાં કર્યાં હતા. ઘનશ્યામના સંકલ્પે માછલાં સજીવન થઈ પાણીમાં કૂદી પડ્યા. માછીમારને થયું કે મારી મહેનત પાણીમાં મેળવી દેનાર આ ઘનશ્યામ જ છે. તેથી ઘનશ્યામને મારવાનો વિચાર કર્યો. ત્યાં તો ઘનશ્યામે તેને યમપુરી દેખાડી. માછીમારને ઘનશ્યામને બદલે યમરાજ દેખાયા. યમદૂતોના મારથી ત્રાહિ ત્રાહિ પોકારી ઊઠેલા માછીમારે ઘનશ્યામને પ્રાર્થના કરવા માંડી પ્રભો ! આમાંથી બચાવો ! હવે ફરી આવું અઘટિત કાર્ય નહિ કરું ! તેની પ્રાર્થના સાંભળી ઘનશ્યામે સૌમ્ય સ્વરૂપે દર્શન દઈ કહ્યુંઃ તને જીવવાનો અધિકાર છે તેમ આ જીવોને પણ છે !
**મનન :** ઘનશ્યામની દરેક ક્રિયાથી જીવોનું એક સાથે નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન થતું હતું. તેઓ બાળક છે એવો ખ્યાલ છોડી તેમની આધ્યાત્મિક મહાનતા સમજવાથી જ તેમની સંકલ્પશક્તિનો ખ્યાલ આવી શકે.

૨. **થાંભલાને બાથ ભીડીને રહેજો. (૧/૩૨૫) પ્રસંગ :** મયારામ ભટ્ટે ભુજમાં રામાનંદ સ્વામીને નીલકંઠવર્ણી લોજમાં પધાર્યાના સમાચાર આપ્યા. રામાનંદ સ્વામીએ ઉત્સુકતાથી લોજની ઝીણામાં ઝીણી વાત પૂછી. પછી મયારામ ભટ્ટને કહ્યું લોજ જઈને વર્ણીન્દ્રને કહેજો કે જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે. ભુજથી લોજ પાછા આવેલા મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીનો સંદેશો નીલકંઠવર્ણીને આપ્યો. થાંભલાને બાથ ભીડવાની રામાનંદ સ્વામીની આજ્ઞા સાંભળીને વર્ણીએ તરત જ થાંભલાને બાથ ભીડી. ગુરુની આજ્ઞા પાળવાની નીલકંઠવર્ણીની તત્પરતા જોઈને મુક્તાનંદ સ્વામીને સૌ સંતો વિસ્મય પામ્યા. ત્યારે મયારામે કહ્યું : બ્રહ્મચારીજી ! થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું એમ વાત છે. વર્ણી બાથ છોડીને મુક્તાનંદ સ્વામીને વંદન કર્યા.
**મનન :** જીવનું કલ્યાણ જેણે ઈચ્છવું હોય તેણે મન ધાર્યું મૂકીને ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તની આજ્ઞામાં હંમેશા રહેવું.

૩. **લખુચારણે નીલકંઠવર્ણી પાસે માંગેલું વરદાન. (૧/૨૯૮) પ્રસંગ :** લખુ ચારણ અદ્વૈત મતમાં માનતી હતી. તપ અને જ્ઞાનના બળે નીલકંઠવર્ણીને જોતાં જ તેને થયું આ તો સનકાદિક જેવા મોટા તપસ્વી લાગે છે. વાતવાતમાં વર્ણી યુક્તિપૂર્વક અદ્વૈત મતનું ખંડન કરી વિશિષ્ટાદ્વૈત મતની સત્યતા સમજાવતા. વર્ણીની વાતમાં વિશ્વાસ આવતાં લખુએ અદ્વૈત મત છોડીને વિશિષ્ટાદ્વૈત મત સ્વીકાર્યો. પરમાત્માના સાકાર સ્વરૂપની પ્રતીતિ થઈ અને એ પરમાત્મા વર્ણીસ્વરૂપે પોતાના ઘેર પધાર્યા છે એ નિશ્ચય દઢ થયો. પ્રેમથી પોતાને ઘેર ત્રણ માસ રાખ્યા. ત્યાંથી નીકળતી વખતે વર્ણીએ વરદાન માગવાનું કહ્યું ત્યારે લખુએ કહ્યું 'મહારાજ ! રાજી થયા હો તો આ મારો વીરો દીકરો અને આ ભેંસું અવિચળ રહે.' ત્યારે વર્ણીએ કહ્યું : 'તારા અદ્વૈતમતમાં તો બધું મિથ્યા ગણાય છે, તો વીરો દીકરો અને ભેંસો મિથ્યા નહિ ?' આજ વર્ણીના શબ્દોથી વાચ્યાર્થ જ્ઞાન લક્ષ્યાર્થ બન્યું. લખુએ હાથ જોડતાં કહ્યુંઃ મહારાજ ! આપે મારા જ્ઞાનના અહંને આજે ઓગાળ્યો. આપ મને અવિચળ પદ આપો.
**મનન :** ભગવાન અને સંતની કૃપા થાય ત્યારે જ જ્ઞાન લક્ષ્યાર્થ બને છે.

૪. **શ્રીજીમહારાજે માંગેલા બે વરદાન. (૧/૩૭૮) પ્રસંગઃ** રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ધર્મધૂરાની સોંપણી કરી ત્યારે સહજાનંદ સ્વામીએ બે વરદાન ગુરુ પાસે માંગ્યા. (૧) તમારા સત્સંગી હોય તેને એક વીંછીંનું દુઃખ

થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીંનું દુઃખ થાઓ, પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. (૨) તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય. એ બે વર મને આપો.

**મનન :** સાચી દયા અન્યના દુઃખને પોતામાં સહી લેવામાં છે. પોતે સાક્ષાત્ ભગવાન હતા. તેથી જ એ ભાવથી માણસાઈના દીવા દરેકના અંતરમાં પ્રગટ કરી સૌને સાચા માનવ બનાવવા હતા. જેણે પોતાનો દેહ ભક્તોને અર્થે કરી રાખ્યો છે. તે જ સાચા પ્રભુ અને સાચા ગુરુ છે.

૫. **મેમકા છોડી દેજો. (૨/૩૯) પ્રસંગ :** મૂળજી શેઠ, હંસરાજભાઈ સુથાર, પટેલ શ્યામો કણસાગરો અને પટેલ શ્યામો અગોલાને મેમકાથી વિદાય થતાં મહારાજે વીસ દિવસમાં વઢવાણ પરગણાનું આ મેમકા ગામ છોડીને પર-પરગણામાં રહેવા જવાની આજ્ઞા કરી. કારણ વડોદરાથી બાબાજીનું લશ્કર આવશે. વઢવાણ સાથે લડાઈ થશે અને મેમકા આખું બાળી દેશે. માટે સુખિયા થવું હોય તો આજ્ઞા પાળજો. મહારાજની આજ્ઞા અનુસાર મૂળજી શેઠ લીમલી, હંસરાજ સુથાર ખોલડિયાદ, શ્યામો કણસાગરો અને શ્યામો અગોલો ચાણપુર રહેવા ગયા. બરાબર વીસમે દિવસે વડોદરાથી બાબાજી દીવાનનું લશ્કર આવ્યું અને મેમકા લૂંટીને બાળી દીધું. મહારાજના આશ્રિત ભક્તોએ મહારાજની આજ્ઞા પાળી એટલે તેમની રક્ષા થઈ.

**મનન :** ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તની આજ્ઞા પાળવાથી મહાકાળ જેવા દુઃખમાં રક્ષા થાય છે.

**પ્ર.૯ નીચે આપેલા પાત્રોમાંથી કોઈપણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **મુક્તાનંદ સ્વામી : પ્રસંગો :** અંતરમાં તીવ્ર વૈરાગ્યને કારણે મુકુંદદાસનો ગૃહત્યાગ- ધ્રાંગધ્રામાં દ્વારકાદાસ અને વાંકાનેરમાં કલ્યાણદાસ પાસે અખંડ બ્રહ્મચર્ય પાળવાના હેતુથી ગયા. પણ હેતુ સિદ્ધ ન થતાં દેહ પાડી નાખવા ગયા ત્યારે આકાશવાણી સંભળાઈ - સરધારમાં તુલસીદાસ બાવા પાસે રહ્યા - રામાનંદ સ્વામીના યોગમાં આવ્યા - ગાંડપણ કરી તુલસીદાસ બાવા અને ઘરનાની રજાચિઠ્ઠી લઈને આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ તેમને દીક્ષા આપી મુક્તાનંદ સ્વામી નામ રાખ્યું.

**વ્યક્તિત્વનું આલેખન :** ભગવાન મેળવવા બ્રહ્મચર્યની આવશ્યકતા સમજાઈ ગઈ હતી. તે પ્રમાણે વર્તવા માટે પ્રમાણિકપણે પ્રયત્ન કરે છે. સાચા ગુરુ મળતા ભગવાન ભજવામાં આડે આવતા જૂના ગુરુ અને ઘરના આગળ ગાંડપણ કરીને તેમની રજા મેળવે છે.

૨. **ભક્તિમાતા : પ્રસંગો :**

૧. તમે આજે મને જીવતદાન આપ્યું મારા લાલને પાછો લાવ્યા - હનુમાનજીને પ્રાર્થના. ૧/૨૬

૨. જો જો તમારો કાન મારા હાથમાં છે, માટે ભક્તોથી ડરજો - કર્ણવેધ સંસ્કાર. ૧/૩૦

૩. કાલીદત્તના પ્રકોપથી બચી ગયેલા ઘનશ્યામને જોતાં જ આનંદિત થયેલા ભક્તિમાતા હનુમાનજીની કૃપા માનવા લાગ્યા. ૧/૩૪

૪. બેટા આટલું મોડું અવાય ? બહાર કેટલાય અસુરો ભમે છે ! ૧/૫૩

૫. અંતકાળે ઘનશ્યામના દિવ્ય સ્વરૂપમાં ચિતવૃત્તિ ચોંટી ગઈ. ૧/૮૪

**વ્યક્તિત્વનું આલેખન :** પુત્ર તરફનો માતૃભાવ - પુત્રને સાચે માર્ગે ચલાવવાની ભાવના - પુત્રના ક્ષેમકુશળ માટે કુળદેવતાને પ્રાર્થના - પુત્ર સાથેની ગોષ્ટિમાં ગમ્મત સાથે પુત્રની કુશળતા માટે વ્યકત થતી ચિંતા.

**વિભાગ : ૩ઃ ધાર્મિક વિધાનો અને ભાવના નવી આવૃત્તિના આધારે - સામાન્યજ્ઞાન નિબંધ**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

**૧. ભગવાનની અંગત મુલાકાત માટે કઈ વિધિ છે ? (૧૧)**

જ. વ્યક્તિગત પૂજા ભગવાનની અંગત મુલાકાત છે.

**૨. શ્લોક પૂર્ણ કરો 'નિજાત્માનં બ્રહ્મરૂપં .... (૧૬)**

જ. નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્ । વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥

**૩. તિલક અને ચાંદલો શેનું પ્રતીક છે ? (૨૨)**

જ. તિલક ભગવાનનાં ચરણારવિંદ છે તો ચાંદલો ભક્તનું પ્રતીક છે.

**૪. આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજને કોણે કંઠી ધારણ કરાવી હતી ? (૪૬)**

જ. આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કંઠી ધારણ કરાવી હતી.

**૫. અઠવાડિક સત્સંગસભાની શરૂઆત કોણે કરી ? (૫૭)**

જ. અઠવાડિક સત્સંગસભાની શરૂઆત બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે કરી.

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. સ્વામિનારાયણ મંત્રનો સૈદ્ધાંતિક અર્થ સ્પષ્ટ કરો. (૨૬)**

જ. 'સ્વામી' એટલે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ. 'સ્વામિનારાયણ' મંત્રમાં સ્વામીરૂપ કહેતાં અક્ષરરૂપ થઈને નારાયણને પુરુષોત્તમને પામવા છે, એ ઉપાસનાનો વિચાર સ્પષ્ટ થાય છે. આ જ છે આ મંત્રનો અર્થ.

**૨. સાષ્ટાંગ દંડવત્ પ્રણામમાં કયા આઠ અંગોનો સમાવેશ થાય છે ? (૩૨)**

જ. સાષ્ટાંગ દંડવત્ પ્રણામમાં લલાટ (મસ્તક), આંખ, હાથ, વક્ષસ્થળ (છાતી), પગ, ઘૂંટણ (જંઘા), વાણી અને મન આ આઠ અંગોનો સમાવેશ થાય છે.

**૩. શિક્ષાપત્રીમાં તો માત્ર બ્રહ્મચારી બ્રાહ્મણને જ ડુંગળી-લસણનો નિષેધ કર્યો છે. તો અન્ય જ્ઞાતિએ શું કરવું ? સ્પષ્ટતા કરો. (૮૧)**

જ. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ત્યાગી, ગૃહસ્થ વગેરે સૌના સામાન્ય ધર્મો કહ્યા અને પછી ૨૦૩ શ્લોકમાં કહ્યું કે વિશેષ ધર્મનો વિસ્તાર અમારા અન્ય ધર્મગ્રંથોમાંથી જાણવા. એ પ્રમાણે સંપ્રદાયના અન્ય ધર્મગ્રંથ સત્સંગિજીવનમાં આનો વિસ્તાર કરેલ છે.

ગૃહસ્થૈરપિ સન્ત્યાજ્યઃ સંસર્ગો મદ્યમાંસયોઃ ।
પલાણ્ડુલશુનાદેશ્ચ તથા માદકવસ્તુનઃ ॥

અર્થાત ગૃહસ્થોએ પણ મદ્યમાંસ, માદક વસ્તુઓ તથા ડુંગળી લસણનો સારી રીતે ત્યાગ કરવો. આનાથી સમસ્ત હરિભક્તોને આ આજ્ઞા પાળવાનો બોધ થાય છે.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

**૧. ઘરસભાથી શા લાભ થાય છે ? તેના માટે પ્રમુખસ્વામી મહારાજ શું કહે છે ? (૫૯)**

જ. ઘરસભાથી બાળકોમાં સારા સંસ્કાર પડે છે. ટી.વી.જોવાની કુટેવ દૂર થવાથી અભ્યાસમાં તેજસ્વી બને છે. યુવાનોમાં નમ્રતા આવે છે અને વડીલો માટે માન વધે છે. વ્યસનો દૂર થાય છે. કુટુંબીઓમાં આત્મીયતા થાય છે અને અણસમજણ ને ઝઘડાઓ દૂર થાય છે. ક્રોધ, સ્વાદ, ઈર્ષ્યા, માન જેવા દુઃખકારી સ્વભાવો ટળે છે. વ્યવહારના સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા રહે છે. વ્યવહાર સુધરે છે. ઘરમાં અખંડ શાંતિ રહે છે.

**ઘરસભા માટે પ્રમુખસ્વામી મહારાજ શું કહે છે ?** 'પહેલાં તો મા-બાપ પણ રામાયણ-મહારાભારતની વાર્તાઓ છોકરાંઓને કરતાં અને સ્કૂલમાં પણ શિક્ષણ અપાતું જેથી ધાર્મિક સંસ્કારો સહેજે જ મળતા. જ્યારે આજનું વાતાવરણ જ એવું થઈ ગયું છે કે મા-બાપને પડી નથી અને શિક્ષણમાં ભણાવવામાં આવતું નથી. એટલે બહાર તો ધર્મના સંસ્કાર મળે એવું છે જ નહીં, તેથી ઘરમાં એ સંસ્કાર મળે એ બહુ જરૂરી છે. એટલે જ ઘરસભાની જરૂર છે. 'વાડે વેલો ચઢી જાય' એમ જે વાતાવરણમાં છોકરાં ઉછરે એવાં એ થઈ જાય. સત્સંગનું વાતાવરણ ઘરમાં હોય તો બાળક પણ વ્યવસ્થિત થાય. જીવનમાં, ઘરમાં અને સમાજમાં દિવ્ય વાતાવરણ થાય.' ઘરસભા આત્મીયતાનો સેતુ છે. રજોગુણી વાતાવરણમાં સૌ પોતાની રીતે ખાઈ લે, સૂઈ જાય એટલે ઘરમાં એકબીજાને મળવાનું થાય જ નહીં, પછી મન નોખાં પડે. વાતવાતમાં ઝઘડો થાય. પછી ઘરમાં એકતા કે આત્મીયતા ક્યાંથી રહે ? ઘરસભા કરવાથી આત્મીયતા થાય છે. અણસમજણ દૂર થાય છે. આ દવા એવી છે કે ખોટું રિએકશન (વિપરીત આડઅસર) તો નહીં જ આવે. એમાં સુધરવાનું જ છે. માટે મહિમા સમજીને ઘરસભા નિયમિત કરવી. ઘરમાં બધાં

સભ્યો ભેગાં ન થાય એવું નથી, પણ આપણી ઉત્કંઠા નથી એટલે નથી થતું. કોઈ કદાચ ન આવે તો એકલા કરવું. તોય બીજાને પ્રેરણા મળશે. બાળકને આ રીતે સંસ્કાર મળે. નહીં તો જો બાળક હેરોઈનમાં ચઢી ગયો તો ખલાસ ! માટે ચેતતા નર સદા સુખી.'

**૨. માળામાં ૧૦૮ મણકા શા માટે રાખવામાં આવે છે ? (૨૭)**

જ. પ્રત્યેક પળમાં મનુષ્યના સ્વાભાવિક શ્વાસની સંખ્યા ૬ છે. આવી ૨॥ પળની એક મિનિટ થાય. આથી એક મિનિટમાં ૧૫ શ્વાસો લેવાય છે. આ હિસાબ અનુસાર ૨૪ કલાકમાં આપણા ૨૧,૬૦૦ શ્વાસો શાસ્ત્રમાં ગણાવાયા છે. ષટ્ શતાનિ દિવારાત્રો સહસ્ત્રાણ્યેકવિંશતિ । એતત્સંખ્યાત્મકં મન્ત્રં જીવો જપતિ સર્વદા ॥ આમ રાત્રીના ૧૨ કલાક બાદ કરતાં દિવસના ૧૨ કલાકમાં આપણે ૧૦,૮૦૦ શ્વાસો લઈએ છીએ. ભક્તની તો સ્વાભાવિકપણે શ્વાસે-શ્વાસે ભગવાનનું નામ લેવાની ઈચ્છા રહે, પરંતુ આટલી વિશાળ સંખ્યામાં જપનો અવકાશ ન રહે તે માટે જો વિધિવત્ 'ઉપાંશુજપ' કરવામાં આવે, તો પ્રત્યેક મંત્રનું ૧૦૦ ગણું ફળ થાય - એ શાસ્ત્રોક્ત વિધાન અનુસાર દિવસમાં ૧૦૮ મંત્રોનો જપ થવો જોઈએ તેવું સ્વીકારાયું. મનુસ્મૃતિમાં કહ્યું છેઃ ઉપાંશુ સ્યાત્ શતગુણ : આમ ૧૦૮ મણકાની એક માળા ફેરવવાથી શ્વાસેશ્વાસે ભજન કર્યું ગણાય એ ભાવનાથી માળાના મણકાની સંખ્યા ૧૦૮ રાખવામાં આવી. બીજો એક મત એવો પણ છે કે માનવજીવન પર સૂર્યની અસર ઘણી નોંધનીય છે. સૂર્ય-ચંદ્રને આધારે પૃથ્વી પર ઋતુચક્ર ચાલે છે. સૂર્યના માર્ગને પ્રાચીન ઋષિ-વૈજ્ઞાનિકે ૨૭ વિભાગમાં રહેલા તારાઓના સમૂહને 'નક્ષત્ર' સંજ્ઞા આપી છે. આ નક્ષત્રમાળાના આધારે આપણી જપમાળાની કલ્પના કરવામાં આવી છે. પ્રત્યેક નક્ષત્રને ચાર ચરણ થાય છે. તેથી માળાના મણકાની સંખ્યા પણ ૧૦૮ રખાઈ. બ્રહ્માંડની નક્ષત્રમાળા જેને કેન્દ્રમાં રાખી ફરે છે તે સ્થાનને 'સુમેરુ પર્વત'ના નામથી શાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યું છે. આ જ પ્રમાણે જપમાળાના બંને છેડા જ્યાં મળે છે. તેને કેન્દ્ર સમું મહત્વનું સ્થાન ગણતા, તે સ્થાને આવતા સર્વોચ્ચ મણકાને પણ 'સુમેરુ' કહેવામાં આવે છે.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. આદર વ્યક્ત કરવાની રીતિ એટલે પૂજાવિધિ. (૫-૬)**

આદર વ્યક્ત કરવો એ જ પૂજા છે તો આદર વ્યક્ત કરવાની રીતિ એટલે જ પૂજાની વિધિ - પૂજાવિધિ. ભિન્ન ભિન્ન વાતાવરણમાં ઊછરેલા માણસોની આદર વ્યક્ત કરવાની રીતિ અર્થાત્ પૂજાવિધિ પણ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. ઘણુંખરું આ આદર વ્યક્ત કરવાની રીત સમય જતાં પરંપરાગત રિવાજ બની જાય છે, રૂઢ થઈ જાય છે - એ જ છે પૂજાવિધિ. લશ્કરમાં અધિકારીને આદર આપવા સૈનિક ક્યારેક સાવધાન અવસ્થામાં ઊભો રહે છે તો વળી ક્યારેક સાથે સાથે જમણા હાથે સલામી પણ આપે - જેવી અધિકારીની પદવી. આ એક રિવાજ થઈ ગયો, વિધિ થઈ ગઈ. ઇંગ્લૅન્ડની રાણી આવે ત્યારે સ્વાગતમાં લાલ જાજમ પથરાય, રાણીનો લાંબો ઝભ્ભો બે જણા ઉપાડીને ચાલે, લોકો નમન કરે, સૈનિકો સલામી આપે, આગળ બૅન્ડબાજાં વાગે... આ પણ એક પ્રકારની પૂજાવિધિ જ છે. સમય જતાં દેશની કોઈ મહાન વ્યક્તિના સ્વાગતમાં આ પ્રકારની રીતિ જ અપનાવાઈ. એ જ પૂજાવિધિ. દેશકાળ અને વ્યક્તિ અનુસાર પરંપરાગત રિવાજ બની ગયેલ આદર વ્યક્ત કરવાની રીતિ એ જ પૂજાવિધિ.

ભારતમાં પણ પૂજાવિધિ જુદા જુદા પ્રકારની જોવા મળે છે. ભારતમાં અતિથિને દેવ સમાન ગણવામાં આવ્યા છે. પ્રાચીન ભારતમાં અતિથિ ઘરઆંગણે આવે ત્યારે સહેજે એને પ્રથમ તો મીઠાં વચનોથી આવકાર અપાતો. તે સમયે ચાલીને, મુસાફરી કરીને આવનાર અતિથિને પગ ધોવા, હાથમોઢું ધોવા પાણી અપાતું, જેથી તે સ્વસ્થ બને. ત્યારબાદ પીવા પાણી અપાતું જેથી તેની તરસ છીપે. સમયાનુસાર એને ભોજન પણ કરાવાતું. આવનાર મહેમાન જો વધુ આદરણીય હોય તો કુંકુમ ચોખાથી વધાવવામાં આવે, ચાંદલા થાય, પુષ્પમાળા અર્પણ કરવામાં આવે, સારાં વસ્ત્રો આપવામાં આવે, વાતાવરણને સુગંધી દ્રવ્યોથી પવિત્ર બનાવવામાં આવે, તે કાળમાં ગણાતી સંપત્તિ, જેવી કે દૂધ-ઘી-ધાન્ય આદિ ભેટ ધરવામાં આવે વગેરે.. વળી, આ બધી ક્રિયાઓ સાથે અંતરની શુભ ભાવનાઓ સંસ્કૃતના (તે સમયે બોલાતી લોકભાષા) શ્લોકગાન દ્વારા વ્યક્ત થતી. આમ, ક્રિયા અને ભાવનાનો સુમેળ હતો. આ પ્રકારની વિધિ જ પાછળથી પંચોપચાર, દશોપચાર, ષોડશોપચાર પૂજાવિધિ તરીકે સ્વીકારાઈ. જેવી વ્યક્તિની મહત્તા તેવી પૂજાની વિધિ. પંચોપચાર કહેતાં પાંચ પ્રકારે, દશોપચાર કહેતાં દશ પ્રકારે અને ષોડશોપચાર કહેતાં સોળ પ્રકારે થતી પૂજા. ષોડશોપચાર વિધિ મુખ્ય આ પ્રકારે હોય છે.

૧. આહ્વાન (આમંત્રણ આપવું, આવકાર આપવો) ૨. આસન (બેસવાનું આસન આપવું), ૩. પાદ્ય (ચરણ ધોવા પાણી આપવું), ૪. અર્ઘ્ય (ચાંદલો કરી ચોખાથી વધાવવા), ૫. આચમન (પીવા પાણી આપવું), ૬. સ્નાન, ૭. વસ્ત્ર (ઉત્તમ વસ્ત્રો આપવાં), ૮. ઉપવીત (નવી જનોઈ ધારણ કરાવવી), ૯. ગંધ (અત્તરાદિ દ્રવ્યો છાંટવા), ૧૦. ધૂપ (વાતાવરણ સુગંધિત કરવું), ૧૧. દીપ (દીવો પ્રગટાવી અજવાળું કરવું), ૧૨. નૈવેદ્ય (ભોજન કરાવવું), ૧૩. આરતી, ૧૪. પ્રદક્ષિણા, ૧૫. પુષ્પાંજલિ (ફૂલહારવિધિ), ૧૬. રાજોપચાર (છત્ર, ચામર, પાદુકા વગેરે અર્પણ કરવું તથા વાજિંત્રો વડે સુમધુર સંગીત સંભળાવવું, નૃત્ય વગેરેથી મનોરંજન કરાવવું). અત્યારના વર્તમાન સંદર્ભમાં પણ આપણે ત્યાં કોઈ વ્યક્તિ આવે ત્યારે એક અથવા બીજા સ્વરૂપે આપણે ઉપરોક્ત ક્રિયાઓ ઓછાવત્તા અંશે કરીએ જ છીએ, પૂજાવિધિ નવા નામાભિધાન સાથે સ્વીકારી એનું અનુકરણ કરીએ જ છીએ. સામાન્ય વ્યક્તિનું પણ સ્વાગત કરીએ તો પરમાત્મા આપણા ઘરે પધારે, ભક્તના ઘરે પધારે તો ભક્ત શું આદર આપવામાં કશી કચાશ રાખશે ? પ્રભુ ઘરે પધારે ત્યારે ઉપરોક્ત ષોડશોપચારથી શ્લોકગાન સાથે પ્રભુને સન્માનીએ તે જ છે પરમાત્માની ભારતીય પ્રણાલીગત પૂજાવિધિ.

૨. **મંદિરોની આવશ્યકતા (૪૮-૪૯) મંદિર એટલે શું ?** પરમેશ્વરનો વાસ ક્યાં નથી ? પરમેશ્વરનો ભક્ત, માણસમાં, પશુપંખીમાં, વૃક્ષ કે લતામાં, તૃણમાં અરે ! કણેકણમાં સર્વત્ર બિરાજતા એવા પરમેશ્વરના અંતર્યામી સ્વરૂપને, વ્યાપક સ્વરૂપને નિહાળે છે, વંદે છે અને ચાહે છે, પરંતુ ભક્તની સેવા અંગીકાર કરવા, ભક્તને સુખ આપવા પ્રત્યક્ષરૂપે અથવા અર્ચનસ્વરૂપે-મૂર્તિરૂપે ભગવાન જ્યાં બિરાજતા હોય તે આવાસ એટલે જ મંદિર.

**મંદિર શા માટે ?** આગમ શાસ્ત્રો પ્રમાણે રચાયેલાં આ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભગવાનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ લોકમાં પોતાથી મોટા અમલદારની, રાજા વગેરેની મર્યાદાઓ પણ માણસ સ્વીકારે છે, તો પ્રતિષ્ઠિત સ્વરૂપની મર્યાદાઓનો સ્વીકાર ભક્તોમાં સહજભાવે હોય છે. મંદિરોની મૂર્તિ એ પથ્થરોમાં કંડારાયેલ કે ધાતુનાં શિલ્પ નથી, પરંતુ એ સાક્ષાત્ પરમેશ્વર જ છે. આથી જ આ અર્ચાસ્વરૂપની પ્રત્યક્ષ સ્વરૂપ પ્રમાણે જ સેવા-પૂજા થાય છે. પ્રાતઃકાળે ભગવાનને જગાડવા, દંતધાવન કરાવવું, સ્નાન કરાવવું વગેરે પ્રાતઃ ક્રિયાઓથી રાત્રીશયન સુધી સમગ્ર દૈનિક ક્રિયાઓ દ્વારા ભગવાનની સેવા કરવામાં આવે છે. આ સમય સમયના, ભગવાનનાં વિવિધ દર્શનોમાં તથા સેવામાં ભક્તનું મન નિમગ્ન રહે છે, આનંદિત રહે છે. તદુપરાંત મંદિરોમાં રહેતા, પરમેશ્વરને સમર્પિત શુદ્ધ પવિત્ર જીવન જીવતા સંતોનો સમાગમ પણ મંદિરમાં આવવાથી સાંપડે છે. આ સત્સંગના લાભની કોઈ તુલના થઈ શકે તેમ નથી. આવા સંતોના મુખથી ઉચ્ચારાતી સાદી અને સરળ પણ અર્થગંભીર વાણી વ્યક્તિના અંતરાત્માને જગાડે છે. અનેકનાં કુસંસ્કારો વ્યસનો છૂટે છે અને તેઓ ભક્તિમય, ધર્મમય સારા સંસ્કારો પ્રાપ્ત કરે છે. સંતોના કથામૃત દ્વારા આત્મા-પરમાત્માના જ્ઞાનનું ઊંડાણ પ્રાપ્ત કરી જીવનમાં સ્થિરતા, શાંતિ પ્રાપ્ત કરે છે. ભગવાનમાં ચરિત્રોનું ગાન, મહિમાનું કથન, ગુણોનું કીર્તન તથા ભગવાનનું ધ્યાન વગેરે ભક્તિમય ક્રિયાઓથી ગુંજતાં મંદિરોમાં પ્રવેશતા સામાન્ય માણસને પણ પરમાત્માની સંનિધિ અનુભવાય છે. મંદિરોમાં બાળકોને પોષણ આપતી, સંસ્કારિત કરતી, ઊછળતી કૂદતી યુવાશક્તિને સર્જનાત્મક મોડ આપી, સદાચારનો ઓપ આપી વિકસિત કરતી, મહિલાઓને સાચું માર્ગદર્શન આપી માતૃશક્તિ જાગૃત કરતી અનેકવિધ પ્રવૃત્તિઓની સંસ્કારગંગા વહે છે. માનસિક, શારીરિક કે કુદરતી આપત્તિઓ વખતે માનવીને પડખે ઊભી રહેતી, સહાયભૂત થતી અનેક સામાજિક સેવાઓનું પ્રેરણાબિંદુ પણ મંદિરો જ હોય છે. માણસને ઘડવા માટે મંદિર, સમાજઘડતર માટે મંદિર, સમાજની શુદ્ધિ માટે મંદિર, સદાચારની પ્રેરણા માટે મંદિર, મનની સ્થિરતા માટે મંદિર, ભક્તિ માટે મંદિર, સુખ શાંતિ માટે મંદિર. મંદિર શું નથી ? હવે પ્રશ્ન રહે ખરો કે મંદિરો શા માટે? મંદિરો આપણા સૌના જીવન માટે - ઉત્કર્ષ માટે જ છે અને અત્યંત જરૂરી છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. - સામાન્યજ્ઞાન નિબંધ (કુલ ગુણ ૧૫) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં)**

**નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **પોતાના કર્મઃ સુખ દુઃખનું કારણ :** (૧) શ્રીજીમહારાજના પરમહંસો તથા અન્ય શાસ્ત્રો કહે છે 'કર્મની ગતિ ગહ્ન છે પરંતુ ગુણાતીત સંતના શરણે જવાથી મુમુક્ષુના શિરેથી કર્મની રેખા ટળી જાય છે. (૨) કર્મની આંટીઘૂંટીથી મૂંઝાતો મુમુક્ષુ સ્વામીશ્રી પાસેથી અનુભવપૂર્ણ જ્ઞાન તથા સરળ શબ્દોમાં મેળવી હૈયે શીતળતા અનુભવે છે. (પ્રસંગો) (૩) ભક્તોને સુખ દુઃખ આવે તે પ્રારબ્ધને લઈને આવે છે - અને ભગવાનની ઈચ્છા એ જ મુમુક્ષુનું પ્રારબ્ધ છે. જાણે-અજાણે ઘણાં કર્મો થતા હોય છે, તેનું ફળ ભોગવવું પડે છે પણ તેમાં શ્રીજીમહારાજની ઇચ્છા માનીએ તો શાંતિ અને આનંદ રહે. (પ્રસંગો) (૪) સ્વામી કહે છે 'દરેક મનુષ્ય પોતાનાં કર્મ લઈને આવે છે તે અનુસાર તે ભોગવીને મૃત્યુ પામે છે - ઋણાનુબંધ પૂરાં થાય ત્યારે સૌ પોતપોતાના માર્ગે ચાલ્યા જાય છે. (૫) ભગવાન દુઃખ નથી આપતા. ઘણીવખત માનવસર્જિત દુઃખ આવે - આજ્ઞા ન પળાય તો દુઃખ આવે, આસક્તિ ને લઈને દુઃખ આવે. (પ્રસંગો) ડાયાબીટીસ હોય અને ગળપણ ખાય તો ડાયાબીટીસ વધી જાય અને મુશ્કેલી આવે. (૬) ભગવાને તો સૃષ્ટિમાં મનુષ્યને માટે બધું સુખ જ સર્જ્યું છે પણ માણસ પોતાની મેળે નિયમ બહાર વર્તીને દુઃખો ઉભા કરે છે. (પ્રસંગો) બહારથી સુખી દેખાતો માણસ, ગાડીઓમાં ફરતો માણસ પણ કર્મોને લીધે અંદરથી દુઃખી હોય છે, અંતરમાં શાંતિ હોતી નથી. તેથી જ ધર્મમાં, નિયમમાં રહેવાથી શાંતિ મળે છે. જો આપણે બીજાનું બગાડીએ તો આપણું બગડવાનું જ છે. માટે મહેનત કરીને, પુરુષાર્થ કરીને પ્રામાણિકતાથી કમાવું. ભગવાને દાંત આપ્યા છે તો ચાવવાનું પણ આપશે તો શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો. પ્રારબ્ધનાં દુઃખો ટળી જતાં નથી પણ ગુરુને ચરણે જવાથી, ગુરુનું શરણ લેવાથી સહન કરવાનું બળ મળે છે. (૭) અંતમાં આપણે નિયમ-ધર્મમાં રહીએ છીએ તેથી આપણે સુખી જ રહીશું તેવો વિશ્વાસ રાખવો. - ઉપસંહાર.

૨. **સાંપ્રદાયિક વાંચનની આવશ્યકતા :** (૧) ભગવાન અને સંતનાં લીલાચરિત્રો સાંભળવાથી જીવન રૂડું થાય - ધામની પ્રાપ્તિ થાય. (૨) લીલાચરિત્રો સાંભળવાથી જીવનું રૂડું તો થાય પણ અંતકાળે આ લીલાચરિત્રો ક્યારે, કેવી રીતે સાંભરે ? જો નિયમિત વાંચન કર્યું હોય તો જ લીલાચરિત્રો અંતકાળે યાદ આવે. (૩) તેથી જ વચનામૃત અને સ્વામીની વાતો નિયમિત રીતે વાંચવાનો તેમજ ભગવાન અને સંતના જીવનચરિત્રો વાંચવાના નિયમો ગુરુહરિ દ્વારા તેમજ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. (૪) જીવનચરિત્રો વાંચવાથી ભગવાન અને સંતોએ ગુરુપરંપરામાં ગુરુએ વેઠેલ ભીડાનો પરિચય થાય. (પ્રસંગો) તેઓના ગુણોનો, તેઓની સહનશીલતાનો પરિચય થાય. (પ્રસંગો) (૫) ગુણાતીત સંતના જીવનમાં પંચવર્તમાનના નિયમોની દૃઢતાના પ્રસંગોનું જ્ઞાન થાય. સંતો વિષયથી દૂર રહે છે. નિષ્કામધર્મ અણીશુદ્ધ પાળે છે. આવા પ્રસંગો વાંચવાથી આપણામાં નિયમ-ધર્મ પાળવાની દૃઢતા થાય. (પ્રસંગો) (૬) આપણને ભગવાન અને સંતમાં રહેલા અગણિત ગુણોનો પરિચય થાય, ગુણો પાળવાનું બળ મળે - જેણે જીવનચરિત્રો વાંચની પ્રેરણા મેળવી હોય, અનુભવ મેળવ્યો હોય, જીવનપરિવર્તન થયું હોય તેવા પ્રસંગો. - ઉપસંહાર.

૩. **પ્રમુખસ્વામીની જીવનભાવના સૌનું હિત કરતી :** (૧) સૌનું હિત કરતી જીવનભાવનાનો અર્થ - જીવન કઈ રીતે વીતાવવું ? કઈ રીતે બીજાને મદદરૂપ થવું ? કઈ રીતે દરેકનું હિત થાય તેવું વિચારવું ? દરેકનો પ્રેમ સંપાદિત કરવો ? આ જીવનભાવના. (૨) દરેક વ્યક્તિની જીવનની ભાવના (જીવનભાવના) ભિન્ન ભિન્ન કોઈને બધાનું સારું જ કરવાની ભાવના - કોઈ દુષ્ટ પ્રકૃતિવાળાને બીજાનું કેમ ભૂંડુ થાય તેવી ભાવના (ઈર્ષાળુ પ્રકૃતિના દૃષ્ટાંતો આપી શકાય) (૩) સ્વામીશ્રીની ભાવના લોકોત્તર, ઊચ્ચ કોટિની, શ્રેષ્ઠત્તમ સ્વામીશ્રીની જીવનભાવના સુધી ભગવાન સિવાય કોઈ પહોંચી ન શકે. કેવી જીવનભાવના ? 'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ, બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ.' આ નિરાળી જીવનભાવનાના ઉદાહરણો, પ્રસંગો લખી શકાય. બીજાના ભલામાં, ઉત્કર્ષમાં કે સુખમાં પોતાનું સુખ જોનારા કેટલા ? માટે જ સ્વામીશ્રી એવા નિરાળા તેથી જ તેમની જીવનભાવના ઉચ્ચતમ જ હોય. (૪) સ્વામીશ્રીની જીવનભાવના સૌનું હિત કરવાની, કોઈનું ક્યારેય અહિત ન થાય, દુશ્મનનું પણ અહિત ન થાય તેવો સતત વિચાર પણ સ્વામીશ્રીને ન આવે. (અક્ષરધામ પર હુમલો કરનારાને પણ માફી બક્ષી દીધી.) પોતાને ઝેર આપનારનું પણ હિત જ ઈચ્છનાર સ્વામીશ્રીની જીવનભાવનાને કોટિ કોટિ વંદન. (પ્રસંગો લખવા) (૫) સ્વામીશ્રીને દરેકનું હિત થાય તેવો વિચાર સતત રહ્યા કરે અને કોઈનું અહિત ન થાય તેવો વિચાર પણ સતત રહ્યા કરે. માટે જ સ્વામીશ્રીની જીવનભાવના સૌનું હિત કરતી. - ઉપસંહાર.

❑ ❑ ❑